# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-11-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## CM-નીતિ આયોગ:

ખેડૂતોના હિતમાં ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગના ટેક્નોલોજી થકી કૃષિ પરિવર્તન અંગેના રાષ્ટ્રીય સ્તરના મહત્વપૂર્ણ દસ્તાવેજનું ગઈકાલે ગાંધીનગર ખાતે વિમોચન થયું. આ દસ્તાવેજનું વિમોચન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, દેશના કૃષિ ક્ષેત્રને ભવિષ્ય માટે તૈયાર કરવામાં નીતિ આયોગનો આ રોડમેપ મહત્વની બ્લૂપ્રિન્ટ છે. શ્રી પટેલે કહ્યું, નીતિ આયોગની મહત્વપૂર્ણ પહેલોને સાકાર કરવામાં ગુજરાતે અગ્રણી ભૂમિકા નિભાવી છે.

આ પ્રસંગે નીતિ આયોગના CEO બી.વી.આર. સુબ્રહ્મણ્યમ, નીતિ આયોગના સભ્ય દેબ જાની ઘોષ, રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણી ઉપસ્થિત રહ્યા હતા.

**-----------------------------------------------------------------------------------------------**

## રેલવે મંત્રી-સેમિકન્ડક્ટર એકમો:

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું, ગુજરાતના સેમિકન્ડક્ટર એકમો થકી આગામી સમયમાં ધોલેરા હાઈટેક ઉત્પાદનનું મોટુ કેન્દ્ર બનશે. રાજ્યમાં સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબના પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં શ્રી વૈષ્ણવે કહ્યું, દેશના વિકાસ માટે ઈલેકટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ઉત્પાદનના મહત્વના ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપવાનું અભિયાન હાથ ધરાયું છે.

શ્રી વૈષ્ણવે ધોલેરા અને સાણંદમાં નિર્માણાધીન ટાટા, માઈક્રોન અને સીજી સેમિકોન જેવા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ માટે જરૂરી વીજળી, પાણી, પરિવહન અને સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા માર્ગ અને હવાઈ કનેક્ટિવિટીના રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાઈ રહેલા કામોની વિગતો મેળવી.

---

## TAT ભરતી:

રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. તે અંતર્ગત લાયકાત ધરાવતા દ્વિસ્તરીય TAT (ઉચ્ચતર માધ્યમિક) -2023 પરીક્ષા પાસ હોય તેવા ફક્ત દિવ્યાંગ ઉમેદવારો 12 નવેમ્બર રોજ રાત્રિના 12 કલાક પહેલા https://gserc.in/ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે.

---

## CA-RESULT:

ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા-ICAI એ સપ્ટેમ્બરમાં લેવાયેલી CA ફાઉન્ડેશન અને ફાઈનલ પરીક્ષાના પરિણામ જાહેર કર્યા છે.જેમાં ફાઈનલ એક્સામિનેશનનું પરીણામ 16.23 ટકા,ઈન્ટરમિડીયેટનું પરીણામ 10.06 ટકા અને ફાઉન્ડેશનનું પરીણામ 14.78 ટકા રહ્યુ છે. રાજયમાં મોખરે રહેલા રાજકોટના ઉમેદવાર જીગર રાચ્છે દેશમાં 20મો રેન્ક પ્રાપ્ત કર્યો છે.તો જાન્યુઆરી 2026 છાત્રો માટેની રજીસ્ટ્રેશન જાહેરાત ICAI દ્વારા કરવામાં આવી છે. ઈચ્છુક વિધાર્થીઓ આ પરીક્ષા માટે 3 નવેમ્બરથી 16 નવેમ્બર સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે જેનું આયોજન 5 જાન્યુઆરીથી 24 જાન્યુઆરી દરમ્યાન કરાશે.

---

## કેન્દ્રીય ચુંટણીપંચ:

કેન્દ્રીય ચૂંટણીપંચે 12 રાજ્યમાં ખાસ મતદારયાદી સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવાના નિર્ણય કર્યો છે, ત્યારે સરનાં ટૂંકાં નામે ઓળખાતી સ્પેશિયલ ઈન્ટેસિવ રિવિઝન કામગીરી માટે કચ્છનું તંત્ર સજ્જ થયું છે. જેમના મારફત આ કાર્ય હાથ ધરવાનું છે, એ તમામ બીએલઓને તાલીમ આપવા સહિતની કામગીરી આટોપી લેવાઈ છે.આજથી જિલ્લામાં આ કામગીરી કરવા માટે નિયુક્ત 1848 બી.એલ.ઓ. દ્વારા ઘરોઘર મોજણીનું કાર્ય હાથ ધરવામાં આવશે.

ચોથી ડિસેમ્બર સુધી મોજણીનું કાર્ય સંપન્ન થયા પછી નવમી ડિસેમ્બરે હંગામી મતદારયાદી પ્રસિદ્ધ કરાશે.

---

## હવામાન-કચ્છમાં વરસાદ:

રાજ્યમાં છેલ્લા 4 વર્ષની સરખામણીએ આ વર્ષે ઓક્ટોબર મહિનામાં સૌથી વધુ વરસાદનો વિક્રમ સ્થાપિત થયો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી બે દિવસ બાદ વરસાદી માહોલમાંથી સંપૂર્ણ રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક એ. કે. દાસે જણાવ્યું હતું કે, માછીમારો માટે આગામી પાંચ દિવસ કોઈ ચેતવણી આપવામાં આવી નથી.

દરમ્યાન જીલ્લામાં હાલ કારતકમાં અષાઢી માહોલ સર્જાયો હોય તેમ ગઈકાલે અંજારમાં ધોધમાર ત્રણ ઈંચ વરસાદ પડતા ચોમાસાનું પુનરાગમન થયુ હોય તેવો માહોલ સર્જાયો હતો.વાગડ, અબડાસા,નખત્રાણા તેમજ ભુજના સરહદી ગામોમાં માવઠુ વરસતા ખેતી પાકોને મોટુ નુકસાન થયુ છે. હવામાન વિભાગ દ્વારા હજુ એક દિવસ છુટા છવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. તો બે દિવસ બાદ લઘુત્તમ પારો ગબડવાની પણ સંભાવના વ્યક્ત કરાઈ છે.

---

## ગુરૂ નાનક દેવજી જયંતી:

આવતીકાલે ગુરૂ નાનકદેવજીના 556માં પ્રકાશવર્ષ નિમિતે ગાંધીધામમાં નગર કિર્તન સહીતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. ગઈકાલે શહેરના મુખ્ય માર્ગો પરથી શોભાયાત્રા યોજાઈ હતી. 3 થી 5 નવેમ્બર દરમ્યાન સાંજેથી 7 થી 9 વાગ્યા સુધી ગુરૂવાણી, કીર્તન દરબાર યોજાઈ રહ્યો છે. આવતીકાલે કથા દરબાર સાથે ગુરૂના લંગરનો લાભ સૌ સંગત અને શ્રધ્ધાળુઓ માટે યોજાશે.ગુરૂ નાનકદેવજીના શાંતિ સેવા અને માનવતાના સંદેશ સાથે આ ઉજવણી થઈ રહી છે.

---